# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 20-10-2024 Evening : 7.50 to 8.00
Day : Sunday National News

**આકાશવાણી સમાચાર રૂપલ જાની વાંચે છે.**

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે દેશમાં આરોગ્ય સુવિધા વધુ મજબૂત કરવા સરકાર આગામી પાંચ વર્ષમાં 75 હજાર વધુ તબીબી બેઠકો ઉમેરશે.
2) કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને આ વર્ષે ઓગસ્ટ મહિનામાં 18 લાખ 53 હજાર વધારાના સભ્યો બનાવ્યા છે.
3) ભારતીય જનતા પાર્ટીએ આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે 99 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે.
4) સોળમાં કેન્દ્રીય નાણાપંચની ટીમ આજથી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે.
5) રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે ખેલો ઈન્ડિયા અસ્મિતા મહિલા લીગ દ્વારા રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે.
6) ભારતીય હવામાન વિભાગે આગામી ત્રણ દિવસ તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને દક્ષિણ અંતરિયાળ કર્ણાટકમાં ભારે વરસાદની આગાહી કરી છે.

************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

## **REV-PM-VARANASI**-1

પ્રધાન નરેન્દ્ર મોદીએ જાહેરાત કરી છે કે દેશમાં આરોગ્ય સુવિધા વધુ મજબૂત કરવા સરકાર આગામી પાંચ વર્ષમાં 75 હજાર વધુ તબીબી બેઠકો ઉમેરશે.. તેમણે કહ્યું કે છેલ્લા દસ વર્ષમાં દેશના આરોગ્યસંભાળ ક્ષેત્રમાં નોંધપાત્ર પરિવર્તન થયું છે.માત્ર પૂર્વાંચલમાં જ નહીં પરંતુ સમગ્ર દેશ માટે મુખ્ય આરોગ્ય કેન્દ્ર તરીકે કાશીની વધતી જતી પ્રતિષ્ઠાનો તેમણે ઉલ્લેખ કર્યો . શ્રી મોદી તેમના સંસદીય મતવિસ્તાર વારાણસી ખાતે આરજે શંકરા આંખની હોસ્પિટલના ઉદ્ઘાટન બાદ બોલી રહ્યા હતા.

**(Byte -pm)**

આ હોસ્પિટલનું ઉદ્ઘાટન તમિલનાડુના કાંચી કામકોટી પીઠમના જગદગુરુ શ્રી શંકરા વિજયેન્દ્ર સરસ્વતીની હાજરીમાં કરવામાં આવ્યું હતું.

પ્રધાનમંત્રીએ આશા વ્યક્ત કરી કે નવી આંખની હોસ્પિટલથી વૃદ્ધો અને બાળકો બંનેને ફાયદો થશે, અને શંકરાચાર્ય અને શંકરા ટ્રસ્ટને બિહારમાં બીજું કેન્દ્ર ખોલવાનું વિચારવા વિનંતી કરી. શ્રી શંકરા વિજયેન્દ્ર સરસ્વતીએ પ્રધાનમંત્રી મોદીના વિકાસલક્ષી પ્રયાસોની પ્રશંસા કરી હતી.

વારાણસીની આ હોસ્પિટલ દેશની શંકરા નેત્રાલયની 14મી હોસ્પિટલ છે, જે દર વર્ષે સૌથી ગરીબ દર્દીઓ પર 30,000 થી વધુ સર્જરી કરવા સક્ષમ છે. 110 કરોડ રૂપિયાના રોકાણ સાથે આ વિશ્વ કક્ષાની આંખની સંભાળની સુવિધા ઉભી કરવામાં આવી છે.

## **EPFO-MEMBER**

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠને આ વર્ષે ઓગસ્ટ મહિનામાં 18 લાખ 53 હજાર વધારાના સભ્યો બનાવ્યા છે. શ્રમ અને રોજગાર મંત્રાલયે જણાવ્યું છે કે નવી સદસ્યતામાં વધારો એ રોજગારીની તકો, કર્મચારીઓના લાભો વિશેની જાગૃતિ અને

સંસ્થાના સફળ કાર્યક્રમોને આભારી છે. ગયા વર્ષના ઓગસ્ટની સરખામણીમાં આ વર્ષે ઓગસ્ટ મહિનામાં સંસ્થાના સભ્યોની સંખ્યામાં નવ ટકાનો વધારો થયો છે.

## BJP---MAHARASHTRA

ભારતીય જનતા પાર્ટીએ આગામી મહારાષ્ટ્ર વિધાનસભા ચૂંટણી માટે 99 ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી છે. નાયબ મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ નાગપુર દક્ષિણ પશ્ચિમ વિધાનસભા બેઠક પરથી ચૂંટણી લડશે અને મહારાષ્ટ્ર ભાજપના વડા ચંદ્રશેખર બાવનકુલે કામઠીથી પક્ષના ઉમેદવાર હશે. રાજ્ય મંત્રી ગિરીશ મહાજન જામનેરથી અને સુધીર મુનગંટીવાર બલ્લારપુર વિધાનસભા મતવિસ્તારથી ભાજપના ઉમેદવાર હશે.

મહારાષ્ટ્ર વિધાનસભાની તમામ 288 વિધાનસભા બેઠકો માટે 20 નવેમ્બરે ચૂંટણી યોજાશે અને 23 નવેમ્બરે મતગણતરી થશે.

## CENTRAL FINCE. TEAM GUJ. VISIT

સોળમાં કેન્દ્રીય નાણાપંચની ટીમ આજથી ત્રણ દિવસની ગુજરાતની મુલાકાતે છે.  નાણાપંચના સભ્યો આવતીકાલે ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સાથે બેઠક કરશે. ત્યારબાદ તેઓ ઉદ્યોગ મહામંડળના પ્રતિનિધિઓ સાથે વાર્તાલાપ કરશે.

આ ત્રણ દિવસની મુલાકાત દરમિયાન નાણાપંચના સભ્યો વિવિધ રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે તેમજ શહેરી અને ગ્રામીણ સ્થાનિક સ્વરાજ સંસ્થાઓના અધિકારીઓ અને પ્રતિનિધિઓ સાથે વિચાર વિમર્શ કરશે.

## MANDAVIYA-ESHRAM

શ્રમ અને રોજગાર મંત્રી ડો. મનસુખ માંડવિયા આવતીકાલે નવી દિલ્હીમાં અસંગઠિત કામદારો માટે ઈ શ્રમ, વન સ્ટોપ સોલ્યુશન રજૂ કરશે. અસંગઠિત કામદારોને વિવિધ સરકારી યોજનાઓ સુધી સરળતાથી પહોંચ મળે તે સુનિશ્ચિત

કરવા માટે આ પ્લેટફોર્મ મધ્યસ્થી તરીકે કામ કરશે. પહેલનો પ્રાથમિક ઉદ્દેશ્ય એક જ પ્લેટફોર્મ દ્વારા અસરકારક રીતે અસંગઠિત કામદારો માટેની તમામ સામાજિક સુરક્ષા અને કલ્યાણ યોજનાઓના લાભાર્થીઓ વિશેની માહિતીને એકીકૃત કરવાનો છે. આ પહેલ અસંગઠિત કામદારોને તેમના માટે રચાયેલ યોજનાઓથી વાકેફ કરવામાં મદદ કરશે.

# MID BREAK- NEWS-REGIONAL

**આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ રાષ્ટ્રીય સમાચાર આપ અમારી** Youtube **ચેનલ** A.I.R. **ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ** A.I.R. **ન્યૂઝ અન્ડર સ્કોર** ABAD **ને ફોલો કરી શકો છો.**

## PM---DHOLPUR-ROAD-ACCIDENT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજસ્થાનના ધૌલપુરમાં માર્ગ અકસ્માતમાં મૃત્યુ પામેલા દરેક મૃતકના પરિજનોને પ્રધાનમંત્રી રાષ્ટ્રીય રાહત ભંડોળમાંથી 2 લાખ રૂપિયાની સહાય અને ઘાયલોને 50,000 રૂપિયા આપવાની જાહેરાત કરી છે

સોશિયલ મીડિયા પર એક પોસ્ટમાં, શ્રી મોદીએ કહ્યું કે રાજ્ય સરકારની દેખરેખ હેઠળ, સ્થાનિક વહીવટ પીડિતોને તમામ શક્ય મદદ પૂરી પાડવામાં રોકાયેલ છે. તેમણે તમામ ઇજાગ્રસ્તોના ઝડપથી સ્વસ્થ થવાની કામના કરી હતી.

## MANDAVIYA-THIRUVANANTHAPURAM

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત મંત્રી મનસુખ માંડવિયાએ કહ્યું છે કે ખેલો ઈન્ડિયા અસ્મિતા મહિલા લીગ દ્વારા રાષ્ટ્રીય સ્પર્ધાઓમાં મહિલાઓની ભાગીદારીમાં નોંધપાત્ર વધારો થયો છે. તેમણે આજે કેરળના તિરુવનંતપુરમમાં સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાની લક્ષ્મીબાઈ નેશનલ કોલેજ ઓફ ફિઝિકલ

એજ્યુકેશનમાં ત્રણસો પથારીવાળી મહિલા હોસ્ટેલનું ઉદ્ઘાટન કરતી વખતે આમ જણાવ્યું હતું.. શ્રી માંડવીયાએ ખેલાડીઓને રમતગમતને માત્ર સરકારી નોકરી મેળવવાનો માર્ગ ન ગણવા અનુરોધ કરતાં જણાવ્યું હતું કે દેશ માટે રમીને ચંદ્રક જીતીને દેશનું ગૌરવ વધારવાનો ઉદ્દેશ રાખવો જોઈએ.

શ્રી માંડવિયાએ ઓલિમ્પિક, એશિયાડ અને અન્ય આંતરરાષ્ટ્રીય રમતોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરનાર ખેલાડીઓનું સન્માન કર્યું હતું. તેમણે અર્જુન પુરસ્કાર વિજેતા પદ્મિની થોમસ, એસ ઓમાનકુમારી, ગીતુ અન્ના જોસ, સાજી થોમસ અને વી ડીજુનું પણ સન્માન કર્યું હતું.

## IMD-RAINFALL

ભારતીય હવામાન વિભાગએ જણાવ્યું છે કે આગામી 24 કલાક દરમિયાન પૂર્વ મધ્ય બંગાળની ખાડી અને તેની નજીકના ઉત્તર આંદામાન સમુદ્ર પર નીચુ દબાણ બનવાની સંભાવના છે. તે પશ્ચિમ ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધે અને મંગળવાર સવાર સુધીમાં ડિપ્રેશનમાં અને બુધવાર સુધીમાં ચક્રવાતી તોફાનમાં તીવ્ર બને તેવી શક્યતા છે. ત્યારપછી, તે ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધીને 24મી ઑક્ટોબરની સવાર સુધીમાં ઓડિશા-પશ્ચિમ બંગાળના દરિયાકાંઠે ઉત્તર-પશ્ચિમ બંગાળની ખાડી સુધી પહોંચે તેવી શક્યતા છે. માછીમારોને આગામી ચાર દિવસ દરમિયાન ઉત્તર બંગાળની ખાડી અને ઓડિશા, પશ્ચિમ બંગાળ અને બાંગ્લાદેશના દરિયાકાંઠે અને તેની આસપાસ ન જવાની સલાહ છે.

આગામી ત્રણ દિવસ દરમિયાન તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને દક્ષિણ અંતરિયાળ કર્ણાટકમાં પણ ભારે વરસાદની આગાહી કરી છે. આવતીકાલે કર્ણાટક અને મધ્ય મહારાષ્ટ્રમાં પણ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે.

## DAY-DELHI-HALF-MARATHON

રાજધાની દિલ્હીમાં આજે દિલ્હી હાફ મેરેથોનની 19મી કડીનું આયોજન કરવામાં આવ્યું હતું. સંરક્ષણ વડા જનરલ અનિલ ચૌહાણ, ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કુમાર ત્રિપાઠી અને અન્ય અધિકારીઓએ હાફ મેરેથોનને લીલી ઝંડી આપી હતી. આ મેરેથોનમાં યુગાન્ડાના ઓલિમ્પિક ચેમ્પિયન જોશુઆ ચેપ્ટેગીએ પુરૂષ વર્ગનું ટાઇટલ જીત્યું હતું અને ઇથોપિયાના અલેમાદ્દિસ ઇયાયુએ મહિલા વર્ગમાં પ્રથમ સ્થાન મેળવ્યું હતું.

જવાહરલાલ નેહરુ સ્ટેડિયમથી શરૂ થયેલી મેરેથોન ભીષ્મ પિતામહ માર્ગ, લોધી રોડ, મથુરા રોડ, રફી માર્ગ અને સંસદ માર્ગમાંથી પસાર થઈ અને સ્ટેડિયમ સંકુલની બહાર સમાપ્ત થઈ. આ મેરેથોનમાં હજારો લોકોએ ભાગ લીધો હતો.

મીડિયા સાથે વાત કરતા ભારતીય નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે ત્રિપાઠીએ કહ્યું કે મેરેથોનનું વાતાવરણ ખૂબ જ ઉત્સાહપૂર્ણ હતું અને તે ફિટ ઈન્ડિયા મૂવમેન્ટનું ઉત્તમ ઉદાહરણ છે.

## KASHMIR-MARATHON

આજે પ્રથમ વખત કાશ્મીર ખીણના શ્રીનગરમાં આંતરરાષ્ટ્રીય મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. જમ્મુ-કાશ્મીરના મુખ્યમંત્રી ઓમર અબ્દુલ્લાએ મેરેથોનને લીલી ઝંડી બતાવી. 42 કિલોમીટરની ફુલ મેરેથોન અને 21 કિલોમીટરની હાફ મેરેથોનમાં ભારત અને 12 અન્ય દેશોના 17 ખેલાડીઓએ ભાગ લીધો હતો.

## SHIVRAJ-WORKSHOP

કેન્દ્રીય ગ્રામીણ વિકાસ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણ આવતીકાલે નવી દિલ્હીમાં શહેરી જમીનના રેકોર્ડ માટે સર્વે-રી-સર્વેમાં આધુનિક ટેકનોલોજી પર આંતરરાષ્ટ્રીય કાર્યશાળાનું ઉદ્ઘાટન કરશે. આ કાર્યશાળાનો મુખ્ય ઉદ્દેશ શહેરી જમીન રેકોર્ડ આધુનિકીકરણમાં વૈશ્વિક શ્રેષ્ઠ પ્રથાઓ પ્રદર્શિત કરવાનો છે, અનુકૂલનશીલ

તકનીકી ઉકેલો રજૂ કરવા અને પસંદ કરેલા શહેરી વિસ્તારો માટે પાયલોટ પ્રોજેક્ટ્સ તૈયાર કરવાનો છે. બે દિવસીય કાર્યશાળાનો ઉદ્દેશ્ય કેન્દ્ર સરકારના મંત્રાલયો અને વિભાગો,રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના મહેસૂલ અને શહેરી વિકાસ સચિવો, આંતરરાષ્ટ્રીય નિષ્ણાતો અને ટેકનોલોજી પ્રદાતાઓ સહિત સંબંધિત હિતધારકોને એકસાથે લાવવાનો છે.

## JHARKHAND-ELECTION

ઝારખંડમાં વિધાનસભા ચૂંટણીની જાહેરાત બાદ રાજ્યના વિવિધ ભાગોમાંથી ત્રણ કરોડ 15 લાખ રૂપિયાથી વધુની ગેરકાયદેસર સામગ્રી અને રોકડ જપ્ત કરવામાં આવી છે. મુખ્ય ચૂંટણી અધિકારી કે. રવિ કુમારે જણાવ્યું કે આદર્શ આચાર સંહિતાનો કડક અમલ કરવા સૂચના આપવામાં આવી છે. પંચની માર્ગદર્શિકા અનુસાર, ચૂંટણીના સમયગાળા દરમિયાન વ્યક્તિઓને 50,000 રૂપિયા સુધી લઈ જવાની છૂટ છે. જો રકમ 50,000 થી વધુ હોય પરંતુ 10 લાખ રૂપિયાથી ઓછી હોય, તો નાણાં જપ્ત કરવામાં આવશે, અને જિલ્લા કમિશનરની આગેવાની હેઠળની સમિતિ નક્કી કરશે કે ભંડોળ કાયદેસરના હેતુઓ અથવા અન્ય હેતુઓ માટે હતું. 10 લાખ રૂપિયાથી વધુની કોઈપણ રોકડ વધુ તપાસ માટે આવકવેરા વિભાગને સોંપવામાં આવશે.

## AP-BADVEL-ASSAULT-INCIDENT

આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રબાબુ નાયડુએ કુડ્ડાપહ જિલ્લાના બડવેલમાં એક વિદ્યાર્થીના મૃત્યુ પર શોક વ્યક્ત કર્યો હતો. યુવક દ્વારા સળગાવી દેવામાં આવતા આ સગીર બાળકીનું મોત થયું હતું. પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે આ ઘટનાના મુખ્ય આરોપીની ધરપકડ કરવામાં આવી છે. મુખ્યમંત્રીએ આ ઘટનાનો કેસ વિશેષ અદાલતમાં ચલાવવાનો નિર્દેશ આપ્યો છે.